# કેતનના મૃત્યુની તપાસ સી.બી.આઈ. સોંપવા કોંગ્રેસની માંગ

## કોંગ્રેસ પાટીદાર સમાજની પડખે છે : ભરતસિહ સોલંકી

મહેસાણામાં આજે કેતન પટેલના પરિવારને મળવા માટે કોંગ્રેશના પ્રદેશ પ્રમુખ ભરતસિહ સોલંકી સહિત રાજસ્થાનના પૂર્વ સી.એમ અશોક ગેહલોત કેતનના પરિવારને મળ્યા હતા. તેમણે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સાથે આ સમગ્ર બનાવને શરમજનક ગણાવ્યો હતો. સાથે આ કેશની તપાસ સી.બી.આઈ. કરે તેવી માંગ પણ કરી હતી. તો આવતીકાલે આ સમગ્ર મામલે રાજયપાલને મળીને યોગ્ય તપાસની માંગ કોંગ્રેસ કરશે તેવું ભરતસિહ સોલંકીએ જણાવ્યું હતું.



મહેસાણામાં કેતન પટેલના મામલો હાલમાં ભારે ચર્ચાના એરણે ચડવા ગયો છે. ગતરોજ તેનું પી.એમ. કરવામાં આવ્યું. પરતું પી.એમ. રીપોર્ટ કોર્ટ મારતે ન મળવા ના કારણે હાલમાં આ મુદો ભારે ચર્ચામાં આવી ગયો છે. પાટીદાર સમાજમાં અને આ સમગ્ર મામલે મહેસાણામાં ભારે ઉતેજનાનો માહોલ સર્જાવા ગયો છે ત્યારે આજે કોગ્રેશ પ્રદેશ પ્રમુખ ભરતસિહ સોલકીએ રાજ્ય સરકારની નીતિ માટે સંકા વ્યક્ત કરી હતી અને આ સમગ્ર મામલે રાજ્યપાલ સહિત તપાસ કરે તેવી માંગ આવતીકાલે કોગ્રેશ કરશે તેમ જણાવ્યું હતું.

આ સમગ્ર મામલે હાલમાં રાજકીય અગ્નીંયો પોતાની વોટબેંક બનાવી રહ્યા છે ભાજપ આ સમગ્ર મામલે કઈ કરતુ નથી તેમ પાટીદારોનું કહેવું છે અને કોગ્રેશ આ મુદે રાજકારણ રમી રહ્યું છે તેમ સ્પષ્ટ થઈ રહ્યું છે. રાજકારણને લઈને આ સમગ્ર મામલે રાજસ્થાન રહેલા કોગ્રેશના પૂર્વ સી.એમ. અશોક ગહેલોતે આ સમગ્ર મામલે સી.બી.આઈ. તપાસની માંગ મૂકી છે અને આ ઘટનાને સમાજ અને સરકારની નીતિને સર્જક ગણાવી હતી જ્યારે આ સમગ્ર મામલે હાલ માં કોગ્રેશ તેમની પડખે છે અને સરકારી તંત્ર સહિત જવાબદાર સામે કાર્યવાહી તો થાય જ સાથે એફ.આઈ આર પણ જલ્દી થાય સાથે આ કેશ ની સી.બી.આઈ દ્વારા તપાસ કરવા માં આવે તેવી માગ કરી હતી ... અશોક ગહેલોત પૂર્વ સી.એમ રાજસ્થાન કોગ્રેશ એ જાણવી હતી ...હાલ માં તો કેતન પટેલ ની લાશ નું બે વખત પી.એમ થવા ગયું છે ..અને હાલ માં તેની લાશ કોલ્ડ સ્ટોરેજ માં રાખવા માં આવી છે કોર્ટ એ આ રી પી.એમ નો રીપોર્ટ બંધ કવર માં મુક્યો છે આજે શનિવાર અને આવતીકાલે રવિ વાર હોવાથી કોર્ટ બંધ છે જે જોતા પી.એમ નોટ સોમવારે મળશે અને ત્યાર બાદ એ.ફ.આઈ આર થશે ત્યાં સુધી કેતન ની લાશ પરિવાર નહી ઉઠાવે તો આગામી સમય માં તેની લાશ ડીસટ્રોય થવાથી પાટીદાર સમાજ ની લાગણી દુભાય તો નવાઈ નહી.

## પી.એમ. રીપોર્ટ હવે બંધ કવરમાં

અનેક અટકળો વચ્ચે શુક્રવારે સાંજે બલોલ ગામના પાટીદાર યુવાન કેતન પટેલના મૃતહેદનું ફરી એકવાર પોસ્ટમોર્ટમ કરાયું હતું. અમદાવાદથી આવેલા ૨ નિષ્ણાત તબીબો દ્વારા ૨ કલાક ૨૦ મિનિટ સુધી ચાલેલા પોસ્ટમોર્ટમ બાદ શું ? તે મુદો મહેસાણા સિવિલ હોસ્પિટલમાં હાજર પાટીદારોમાં જ નહીં, પરંતુ શહેરીજનોમાં પણ ચર્ચાસ્પદ બન્યો હતો. દરમિયાન, મધ રાત્રે આ બાબતે તામામ પી.એમ. રીપોર્ટ બંધ સીલ કવરમાં મુકવામાં આવ્યા હતા અને તે પાટીદારોને ન મળતા પાટીદારોએ રોષ વ્યક્ત કર્યો હતો અને નીતિન પટેલ સામે આકારા પ્રહારો માંગુકિયાએ કાર્ય હતા.

કેતન પટેલના મૃત શરીર પર પુનઃ પોસ્ટમોર્ટમ કરવા લેવાયેલા નિર્ણયને પગલે દિવસભર મામલો ચર્ચાસ્પદ રહ્યો હતો. પોસ્ટ મોર્ટમ બાદ લાશ સ્વીકારવાના મામલે પાટીદારો સહિત શહેરીજનોમાં શરૂ થયેલી ચર્ચાએ રાજકીય ગરમાવો સર્જ્યો હતો. શુક્રવારે સવારે પોસ્ટમોર્ટમ થવાનું હોઈ તબીબોની ટીમ અમદાવાદથી મહેસાણા આવી પહોંચી હતી. પરંતુ કોર્ટનો નિર્ણય ન આવતાં કલાકો સુધી પોસ્ટમોર્ટમની મંજૂરી મળશે કે કેમ તે મુદ્દે ઉઠેલા સવાલો વચ્ચે એક સમયે તો પાટીદાર મહિલાઓ સાથે થાળી- વેલણ વગાડી જિલ્લા કલેકટર અને એસપીને આવેદનપત્ર આપવાનો નિર્ણય પણ લેવાયો હતો. પરંતુ ૪-૩૦ કલાકે કોર્ટના આદેશને પગલે ૪-૪૦ કલાકે કેતન પટેલની લાશને પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડી ડૉ. પ્રતિક પટેલ (એચઓડી) અને ડૉ. મરચન્ટ (એલજી, એચઓડી), સિવિલના ડૉ. ડી.કે. ઠક્કરે કરેલું પોસ્ટમોર્ટમ સાંજે ૭ વાગ્યા સુધી ચાલ્યું હતું. પેનલ તબીબની મદદથી થયેલા પોસ્ટમોર્ટમનો રિપોર્ટ ચીફ જ્યુ.મેજિસ્ટ્રેટને મોડી રાત્રે સોંપવાની તજવીજ હાથ ધરાઈ હતી. એડ્વોકેટ બી.એમ. માંગુકિયાએ કહ્યું કે, રિપોર્ટ હજુ અમને મળ્યો નથી, મળશે એના ૨ કલાકમાં જ ફરિયાદ નોંધાવીશું. દરમિયાન, થાળી-વેલણ લઈને ૩૦૦થી વધુ મહિલાઓ સિવિલમાં આવી પહોંચતાં હલચલ મચી હતી. હાલ માં પણ પી.એમ રીપોર્ટ તેમની પાસે આવ્યો નથી ...એડવોકેટ અને પાટીદાર અગ્રણી બાબુ માંગુકિયાએ જણાવ્યું કે, કેતનનો મૃતદેહ ડી-કમ્પોઝ થવા લાગ્યો છે. કારણ કે મહેસાણા સિવિલમાં મૃતદેહને સાચવી રાખવા માટે માનવાધિકારના નિયમો પ્રમાણે વ્યવસ્થા નથી. માઈનસ ૨ ડિગ્રીથી વધારેની સ્થિતિમાં લાશને નથી રાખી શકાતું, જેના કારણે શુક્રવારે જયારે મૃતદેહને રી-પોસ્ટમોર્ટમ માટે બહાર લાવવામાં આવ્યો ત્યારે દુર્ગંધ આવતી હતી. જો વ્યવસ્થા સારી હોત તો મૃતદેહ અત્યાર સુધી બરફ બની ગયો હોત. વધુમાં માંગુકિયા જણાવ્યું કે, રી-પોસ્ટમોર્ટમનો રિપોર્ટ બંધ કવરમાં ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટને સોંપવા તજવીજ હાથ ધરાઈ છે. શનિવારે અને રવિવારે રજા હોવાથી બે દિવસમાં મૃતદેહની સ્થિતિ વધુ બગડી જશે. જેના કારણે અમે મૃતદેહને સારી રીતે વધુ સુરક્ષિત રાખવા માટે ડીએસપીને રજૂઆત કરી હતી. પણ તેમને જવાબ આપીએ છીએ તેમ કહ્યું હતું. આ જોતાં લાગે છે કે તંત્ર સરકારના દબાણમાં કામ કરી રહ્યું છે અને નીતિન પટેલ સામે આકરા પ્રહારો કાર્ય હતા એમ બાબુ માંગુકિયાએ જણાવ્યું હતું. જો આજ રીતે કામ સરકારી તંત્ર કરતુ રહેશે તો સમગ્ર મામલો વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે જ્યારે હાલ માં બપોર બાદ આ સમગ્ર મામલે કોંગ્રેસી અગ્રણી અહી આવીને વિરોધ પણ કરે અને પ્રદેશ પ્રમુખ આવતા હોઈ કોંગ્રેસની તમામ બોડી ઉપસ્થિત રહેશે જ્યારે મામલો વધુ ઉગ્ર બને તેમાં નવાઈ નથી.

## ૧૦૧ વ્યક્તિના મુંડન અને વાળ સરકારને કુરિયર કરાશે

મહેસાણા માં હવે કેતન પટેલ ના અપ મૃત્યું ના કેશ માં મામલો થાળે પડવાનું નામ લઈ રહ્યો નથી આજે પાટીદારો રોષ ના પગલે અંદાજે ૧૦૧ વ્યક્તિ ઓં એ પોતાના માથે ટકો મુંડન કરવાની સરકાર સામે પોતાનો વિરોધ નોધાવ્યો હતો સરકાર ને ભીષ્મ માં લેવા માટે હાલ માં પાટીદારો એ રોષ થાલ્વ્યો છે અને આજે દિવસ દરમિયાન આખો દિવસ ટકો મુંડન નો કાર્યકર્મ આપી ને રોષ વ્યક્ત કરવા માં આવશે ...



કેતન પટેલ ના મોત બાદ આજે ૫ દિવસે પણ કોઈ કાર્યવાહી થવા ગઈ નથી ..બીજી વાર પી.એમ થવા ગયું છે પરતું તેનો રીપોર્ટ ન આપવા માં આવતા આજે તેનો વિરોધ શરુ કરવા માં આવ્યો છે રાજકારણ હાલ માં તેજ બનવા ગયું છે અને પાટીદારો એ રોષ વ્યક્ત કરવા માટે આજે સામુહિક મુંડન કર્યું હતું જેમાં ૧૦૧ લોકો એ એ આત્યાર સુધી મુંડન કરાવી લીધું છે અને દિવસ માં આખો દિવસ આ ટકો મુંડન નો વિરોધ આપી ને વિરોધ વ્યક્ત કરવા માં આવશે અને આ સમગ્ર મામલે હાલમાં પાટીદારો એ શનિવાર હોવા છતાં પણ સરકાર ની જાડી ચામડી અને બહેરા કાને પોતાનો વિરોધ વ્યક્ત કરવા આ પ્રયાશ કરવા માં આવ્યો છે .. તેમ સુરેશ પટેલ પાસ ઉતર ગુજરાત પ્રમુખ , ભાવેશ પટેલ પાટીદાર અગ્રણી એ જણાવ્યું હતું અને વધુ માં જણાવ્યું હતું કે ...એક તરફ શનિવારે હિંદુ ધર્મ માં કોઈ વાળ ઉતર તું નથી અને બીજા દિવસે સુતક કરવા માં આવતો હોય છે ત્યારે પાટીદાર સમાજે બીજા દિવસે નહી પરતું ૫ દિવસે સુતક સરકાર નું કર્યું છે અને દિવસ દરમિયાન જે પણ વાળ ઉતારવા માં આવ્યા છે તે વાળ ને ભેગા કરી ને સરકાર ને કુરિયર કરવા માં આવશે અને પોતાનો રોષ ઠાલવવા માં આવશે તેમ જણાવ્યું હતું

## ધાનેરા-ફતેપુરા ફાટક પાસે ૨૫ વર્ષીય યુવકે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા

ધાનેરા રેલવે સ્ટેશન નજીક ૨૫ વર્ષીય યુવકે ટ્રેન નીચે પડતું મૂકી જીવનનો અંત આણતાં સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે.

લાખણી તાલુકા ના નાંદલા ગામના વતની બળવંતભાઈ ઈશ્વરભાઈ કોળી ઠાકોર જે ગતમોડી રાત્રે ઘરે નીકળી જઈ ધાનેરા રેલવે સ્ટેશન નજીક ફતેપુરા ફાટક પાસે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પાંમી છે તો બીજી તરફ ભીલડી રેલવે પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે આવી મૃતક ની લાશ ને પીએમ અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

## મોડાસા-મેઘરજ રોડ પરની સોસાયટીઓમાં ગાયનો આતંક

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રખડતા પશુઓથી અવાર-નવાર અકસ્માતો થવાની ઘટનાઓ બની રહે છે. તદઉપરાંત કેટલીયવાર ગાયો રાહદારીઓને શીંગડે ભરાવી ઈજાઓ પહોંચાડવાની અને પશુઓ સાથે ટુ-વ્હિલર અથડાવાથી વાહનચાલક મૃત્યુ પામ્યા હોવાની ભૂતકાળમાં ઘટનાઓ ઘટી હતી. મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી રહેણાંક સોસાયટીઓમાં છેલ્લા એક સપ્તાહથી હડકવા અથવા અન્ય કારણોસર ગાય ભુરાંટી બની લોકો પાછળ દોડતા સોસાયટીઓના રહીશોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. નગરપાલિકાતંત્ર દ્વારા ભૂરાટી બનેલ ગાયને પાંજરે પુરવા માટે માંગ ઉઠી છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી રહેણાંક સોસાયટીઓ જેવી કે જીવનજ્યોત સોસાયટી, પ્રણામીનગર, નિજધામ સોસાયટી વિસ્તારમાં રખડતા પશુઓથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. છેલ્લા એક



સપ્તાહથી લાલ રંગવાળી એક કદાવર ગાય અચાનક ભૂંરાટી બની હડકવા ઉપડ્યો હોય તેમ સોસાયટીના રહીશો વાહનચાલકો અને શાળાએ જતા બાળકો પાછળ દોડ લગાવતા અને સમગ્ર વિસ્તારમાં તોફાન મચાવતા ત્રણેય સોસાયટીઓમાં જાણે કરફ્યુ હોય તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. છેલ્લા સપ્તાહ દરમિયાન શાળાએ જતા બાળકો અને વાહનચાલકોને પાછળથી અચાનક હુમલો કરવા ધસી આવતા દોડાદોડી થતા હંગામો મચી જાય છે. સદનસીબે હડકાયેલી ગાયથી ગંભીર ઈજાઓ ન થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રણામીનગરમાં રહેતા અને કાપડના વેપારી મનોજ પ્રણામીના જણાવ્યા અનુસાર લાલ કલરની ગાયે રીતસરનો અમારા રહેણાંક વિસ્તારમાં આતંક મચાવી દીધો છે અને અમારા વિસ્તારોમાં પડી પાથરી રહેતી ગાયોના ટોળામાંથી આ ગાય અચાનક હુમલો કરી દેતા લોકો રીતસરના ફફડી રહ્યા છે. મોડાસા નગરપાલિકાતંત્ર અને જીવદયા પ્રેમી સહિત ગાયના માલિક દ્વારા ગાયને પાંજરે પુરવામાં આવે તેવી ઉગ્ર માંગ છે. કેપછી આ ભૂરાંટી ગાયથી નિર્દોષ લોકો ભોગ બનશે અને જાનહાની થયા બાદ પગલા ભરવામાં આવશે તે જોવુ રહ્યું.

## પ્રાંતિજમાં વિજ કરંટથી ગાયમાતાનુ મોત

પ્રાંતિજ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ બજાર ચોકમાં એક ગાયમાતાને વિજકરંટ લાગતા ઘટનાસ્થળે મોત



થયુ હતુ.

પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં થાંભલા પાસે ઉભેલી ત્રણ ગાયોને વિજકરંટ લાગ્યો હતો અને આ અંગેની જાણ વેપારીઓને થતાં લાકડીઓ સાથે દોડી આવીને ત્રણ ગાયોને છુટી પાડવામાં આવી હતી. જયારે એક ગાયનું વિજકરંટ લાગવાના કારણે ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જયારે આ અંગેની જાણ વેપારીઓ દ્વારા વિજકંપનીમાં કરતાં વિજકંપનીના માણસો ઘટનાસ્થળે દોડી આવી થાંભલા ઉપર ચડી વાયરો સરખાં કર્યાં હતાં જયારે રોડની બાજુમાં જ ગાયનું મોત નિપજતાં બજારમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. જયારે છેલ્લા કેટલાંક દિવસોથી પ્રાંતિજના વિસ્તારોમાં વિજકંપની એક પછી એક બેદરકારીઓ સામે આવી છે અને દિવસમાં ચાર થી પાંચ વાર વિજ પ્રવાહ ખોરવાય છે અને વિજકંપનીમાં નગરજનોની ફરિયાદો કરવાં છતાં આજદિન સુધી કોઈ નિરાકરણ થયું નથી અને માત્ર હલકા સેજ પવન આવે છે ને વિજળી ડુલ થઈ જાય છે. જયારે વોલ્ટેજ વધઘટ થતાં ફીઝ, ટીવી સહિત ઈલેક્ટ્રોનિક સામાન પણ બળી જાય છે. જયારે તંત્ર દ્વારા પ્રિ.મોન્સુન પહેલાં થતી કાર્યવાહી પણ વિજકંપની દ્વારા હાથ ધરવામાં ના આવતાં નગરજનોમાં રોષ જોવાં મલ્યો છે.



**મદાપુર કંપાની સીમમાં પોલીસતંત્ર દ્વારા ૨.૨૦ કરોડનો વિદેશી દારૂ પર બૂલડોઝર ફેરવી દીધુ**

મોડાસા પ્રાંત વિસ્તારના ટાઉન અને મોડાસા રૂરલ હેઠળ ૧૨૮ ગુન્હામાં જપ્ત કરાયેલા વિદેશી દારૂની બોટલો કુલ ૧,૦૬૦૬૦ કિંમત રૂ. ૨,૨૦,૯૮૫૯૦ની કિંમતના વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ. બોટલનો જથ્થા પર જેસીબી ફરી વળતા વિદેશી દારૂના ફૂવારા ઉડ્યા હતા. સમગ્ર વિસ્તારમાં વિદેશી દારૂની તીવ્ર ગંધ પ્રસરી હતી. વિદેશી દારૂના રસિયાઓ વિદેશી દારૂના જથ્થાનો નાશ થતો નજરે ચડતા નિશાસા નાખતા પસાર થતા નજરે ચડતા હતા.

## મોડાસામાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્રનું નિર્માણ પામશે

નવ નિર્મિત અરવલ્લી જિલ્લાના મોડાસામાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા ગોધરા રોડ પર નિર્માણ થઈ રહેલું ગાયત્રી સંસ્કાર કેન્દ્રને લઈ હરિદ્વારના શાંતિકુંજ ખાતે એક વિશેષ ગોષ્ઠીનુ આયોજન થયું. જેમાં સંસ્થાના વડા ડો. પ્રણવ પંડ્યાજી તથા શૈલબાલા પંડ્યાજીએ પ્રતિનિધિ દળને વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ઝોન વડા કાલીચરણ શર્મા, લેખા અધિકારી હરીશ ઠક્કર, ગુજરાત ઝોનના વડા દિનેશ પટેલ સાથે નિર્માણ અંગે ચર્ચા થઈ હતી.

આ પ્રસંગે સંસ્થાના વડા ડૉ પ્રણવ પંડ્યાજી ગાયત્રી ચેતના કેન્દ્રને ચેતનાનું પ્રમુખ કેન્દ્ર કહ્યું હતું તેવોએ પ્રસન્નતા વ્યક્ત કરતા કહ્યું હતું કે આ કેન્દ્રથી આસપાસના ગામોમાં નવજાગૃતિનો શંખનાદ થશે. આ કેન્દ્ર રચનાત્મક ગતિવિધિઓનું પ્રમુખ કેન્દ્ર કેન્દ્રના રૂપમાં જાગૃતિ તથા સંગઠન માટે આવનારા દિવસોમાં ઓળખ બનશે. ગુજરાત ઝોન પ્રભારી અશ્વિન



બનશે. આ યાત્રા દરમ્યાન કાલીચરણ શર્માજીએ કહ્યું હતું કે સાચા મંદિર એ કહેવાય જ્યાં જનજાગૃતિના દર્શન થાય. આ કેન્દ્ર મંદિરના રૂપમાં આસ્થા જાની, મોડાસા ગાયત્રી પરિવારના કમલેશ પટેલ, હરીશ કંસારા, કિરીટ સોની, મુકેશ સુરાણી, મનીષ ભાવસાર હરિદ્વાર ખાતે ખાસ આવ્યા હતા.

## ભિલોડા તાલુકા પ્રાથમિક શાળા નંબર.૧માં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ માં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તીલક કરીને ગોળ ધાણા ખવડાવી વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. શ્રી ત્રિલોકીનાથ વિષ્ણું મંદીર ટ્રસ્ટ, શામળાજી ચેરમેન ગુણવંતભાઈ ત્રિવેદી, જયંતીભાઈ ત્રિવેદીના વરદ્ હસ્તે વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, ચોપડાઓનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી, ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ આચાર્ય જયદેવભાઈ બારોટ, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

## પંચાયતોને વધુ સત્તા આપવા રાજેન્દ્ર પારધીની રજૂઆત

નવી દિલ્હી ખાતે મળેલ ઓલ ઈન્ડિયા પંચાયત પરિષદની મહાસમિતિની બેઠકમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ઓલ ઈન્ડિયા પંચાયત પરિષદના અધ્યક્ષ સુબોધકાંત સહાયના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષ અને અરવલ્લિ જલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્ર પારધી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ હાલમાં ગુજરાતના પંચાયતીરાજની પરિસ્થિતિ અંગે રાજ્ય સરકારના અભિગમની વાત પણ કરી હતી અને રાજ્ય સરકાર દ્વારા દિન-પ્રતિદિન પંચાયતીરાજ સંસ્થાઓ ઉપર જે




સત્તા ઉપર કાપ મુકવામાં આવે છે તેની ચર્ચા કરી હતી.

બેઠકમાં દેશની પંચાયતી રાજ સંસ્થાને વધુને વધુ મજબુત બનાવવા,પંચાયતીરાજ સંસ્થાઓને ૭૩માં બંધારણીય સુધારા અન્વયે તાકીદે સત્તા આપવા, જિલ્લા પંચાયતોને નાણાંકીય અધિકાર આપવા, ગ્રામ્ય વિસ્તારને ઝડપથી જરૂરી માળખાકીય સુવિધા ઉપર કરી વિકાસ કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. આ અંગે જો સરકાર દ્વારા નિર્ણય લેવામાં નહિ આવે તો દિલ્હી ખાતે દેશભરના પંચાયતના પદાધિકારીઓ દ્વારા આંદોલન કરવાની ફરજ પડશે તેવો નિર્ણય કરવામાં આવેલ છે. તેમ દિલ્હીથી અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્ર પારધીએ અખબારી યાદીમાં જણાવેલ છે.